

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'કબૂલ' હતો જે સંબંધ, ક્ષણમાં તૂટી જાય છે,*
*વિશ્વાસનો 'બંધ' ત્રણ તલ્લાકમાં તૂટી જાય છે.*
*તૂટી જાય છે બંધન જન્મોજન્મનાં ત્રણ લબ્ઝથી -*
*ને નિરાધાર અબળાનો આધાર છૂટી જાય છે...*

### હાઈકુ

*શું સ્ત્રી ગુલામ ?*
*છે પુરુષ પ્રધાન...*
*રૂઢિરિવાજ...*
*(ત્રણ તલ્લાક)*

*રાખે ભયમાં -*
*લાચાર અબળાને -*
*રહે 'દાબ' માં...*

### ચિંતન

*ઉન્મત્તો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા ।*
*અદત્તો વંશદોષેણ આત્મદોષે દરિદ્રતા ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સંતાન જો ઉદ્ધત થાય તો એનો દોષ માતાના ઉછેરમાં રહ્યો હોય છે. જો એ બુદ્ધિહીન થાય તો એનો દોષ પિતાના ઉછેરને જાય છે. જો સંતાન કંજૂસ થાય તો તેનું કારણ વાંશિક કેળવણી હોય છે પણ જો એ દરિદ્ર હોય તો એનું કારણ એ પોતે જ છે.

માતા પરિવારના કેન્દ્રમાં હોય છે. આ સ્થાનને કારણે અન્ય પરિવારજનો સાથે એમના સ્થાન પ્રમાણે સ્નેહ અને સન્માન જાળવવા એ એનો ધર્મ છે. બાળક જનેતાને આવું ધર્મપાલન કરતી જુએ છે એના કારણે એનામાં સ્નેહ, લાગણી અને વિવેક સંસ્કારનું સિંચન થાય છે.

બાળકને ઘરની બહારની દુનિયાથી પરિચિત કરાવીને બુદ્ધિમાન કરવું એ પિતાનું કર્તવ્ય છે. ઉદારતા કે કંજૂસાઈ વંશ પરંપરાગત ઉછેરને આભારી લક્ષણો છે.

દારિદ્રય એ તો પોતાનું જ લક્ષણ છે. જીવનસંપત્તિની દરિદ્રતા હોય કે વૈચારિક એનું ખરું કારણ તો માણસ પોતે જ હોય છે.

### સુવિચાર

- જેમ દરેક પર્વત પર માણેક અને દરેક હાથીના ગંડસ્થલમાં મોતી નથી હોતા, તેમ બધી જગ્યાએ સાધુ પુરુષ અને દરેક વનમાં ચંદન મળતા નથી - **વેદ સંદેશ**
- સંસદમાં મૂર્ખની ભૂમિકા કરવા કરતાં ફિલ્મમાં જોકરનો રોલ કરવો હું વધુ પસંદ કરીશ - **રાજકપૂર**
- તમે દરરોજ તમારા આત્માને પૂછો. 'હું કોણ છું?' 'કયાંથી આવ્યો છું', 'શા માટે આવ્યો છું?' એવા પ્રશ્નનો જવાબ જયારે તમારો આત્મા આપશે ત્યારે તે 'આત્મજ્ઞાન' છે? - **રમણ મહર્ષિ**
- માણસ સિવાય બધાં પ્રાણીઓ જાણે છે કે જીવનનું મુખ્ય કામ એની મજા માણવાનું છે - **સેમ્યુઅલ બટલર**
- સફળતા માટે જરૂરી છે કે તમારામાં સફળ થવાની આશા નિષ્ફળતાના ડરથી ઘણી વધુ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દોસ્ત, તારે બેઠો જ છે કરવો હોય હોય તો માણસને બેઠો કર, ઈશ્વર બેઘર નથી, તું નિત નવા મંદિરો ઊભા ન કર.!! - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : નાગરવેલના પાનમાં ચપટી ફટકડી ખાવાથી દમમાં રાહત થાય છ.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાને મળવા એક વ્યક્તિ આવ્યા, રાજાએ તેમનો પરિચય પૂછ્યો, 'આપનું નામ શુ? આપની ઉંમર શું? દીકરા કેટલા અને તમારી સંપત્તિ કેટલી?' વ્યક્તિએ જવાબમાં કહ્યું, 'મારું નામ દામોદર છે. મારી ઉંમર દસ વર્ષ થઈ છે, મારે બે દીકરા છે અને મારી સંપત્તિ અંદાજે પચાસ હજાર છે.' દામોદરનો જવાબ સાંભળીને દરબારીઓ હસવા લાગ્યા પણ રાજાને લાગ્યું કે દામોદરની વાતમાં જરૂર કોઈ સંદેશ છૂપાયેલ છે. આથી વધુ પૃછા કરતાં રાજાએ પૂછ્યું, 'આપ તો વૃદ્ધ દેખાવ છો છતાં આપ આપની ઉંમર દસ વર્ષ શા માટે કહો છો ?' દામોદરે જવાબમાં કહ્યું, 'આપની વાત સાચી છે આમ મને બાસઠ વર્ષ થયા છે, પણ હું દેહની ઉંમરને માનવીની ઉંમર નથી ગણતો. માનવીની સાચી ઉંમર એ છે કે જેટલામાં એ જિંદગીના અનુભવો કરે એને જિંદગીની ખરી વ્યાખ્યા ખબર પડે છે. જિંદગીના બાવીસમાં વર્ષથી બાવન વર્ષ મેં પૈસા કમાવામાં, ખાવા-પીવામાં અને ભોગવિલાસમાં જ વિતાવી દીધા છે. બાવનમેં વર્ષ મને ભાન થયું કે મોજ-મજા એ જ સાચી વાત નથી, આપણા અનુભવથી કોઈને સમૃદ્ધ કરીએ, કોઈને મુશ્કેલીમાંથી ઉગારીએ એટલું જ આપણે જીવ્યા કહેવાઈએ. છેલ્લા દસ વર્ષમાં મેં જીવન પ્રત્યેનો અભિગમ બદલી નાખ્યો છે. જે કોઈ મારા સંપર્કમાં છે તેમને હું મારા સારા-ખરાબ અનુભવોમાંથી પ્રેરણા આપું છું, તેમની મુશ્કેલી સાંભળી તેમને કંઈક મદદ કરી ધન્યતા અનુભવું છું અને આવું કર્યાથી મારા જન્મારાની સાર્થકતા અનુભવી રહ્યો છું. માટે મારી ઉંમર બાસઠ વર્ષ નહીં પણ દસ વર્ષની કહી દઉં છું.' રાજાએ દામોદરનું સન્માન કર્યું.

# આડેધડ વિકાસથી સર્જાયો જળપ્રલય

**તંત્રીસ્થાનેથી...**

મુંબઈ દેશની આર્થિક રાજધાની ગણાય છે અને એકલી બૃહદ્ મુંબઈ મહાનગર પાલિકાનું બજેટ કેટલાંક રાજયો કરતાં મોટું છે, છતાં ચોમાસું બેઠું નથી કે મુંબઈગરાઓના માથે પનોતી બેસી જાય છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે, રેલ સેવાઓ ખોરવાઈ જાય છે, હવાઈ ઉડ્ડયનો બંધ રાખવાં પડે છે. આવું લંડન, પૅરિસ કે ન્યૂયોર્કમાં કયારેય નથી થતું. ટોકિયો કે બીજિંગમાં પણ નથી થતું. વાંક કોનો કાઢીશું ? હમણાં સુધી ગુજરાતમાં વરસાદના નામની બૂમ હતી. બહુ મોડો આવ્યો અને આવતાંની સાથે ગુજરાતની સંસ્કારનગરી ગણાતા વડોદરાની શહેરની ગળચી પકડી. વડોદરા તો સયાજીરાવ ગાયકવાડની રાજધાનીનું શહેર. કયારેક એને યુરોપના બર્મિંઘમ સિટી સાથે ઓસરી ગઈ છે અને હવે જે વડોદરા શહેર આપણી સામે છે એ તો અંકરાતિયા અજગરની જેમ ચારે તરફ પથરાઈને પડ્યું છે. વિકાસની આડેધડ હરીફાઈમાં ત્રીજા નંબરે રહેતું સુરત વડોદરાથી આગળ નીકળી ગયું છે. જો કે એને પણ કયારેક સૂર્યપુત્રી તાપીના કોપનો ભોગ બનતા રહેવું પડે છે. વડોદરામાં તો તાપી જેવી મોટી નદી પણ નથી. વિશ્વામિક્ષી નદી છે કે વહેળો - એવો વહેમ જાય એવડી નાનકડી નદી જેમાં વડોદરાનાં કારખાના એમનાં ઝેરી રસાયણોની દુર્ગંધ ઠાલવતા રહે છે. પરંતુ જયારે એ જ વિશ્વામિત્રી રૌદ્ર રૂપ ધારણ કરે છે ત્યારે વડોદરાના રાજમાર્ગો પર મગર ફરતા થઈ જાય છે. એક મોટા અખબારે છાપ્યું છે એમ નગરજનો ઘરમાં પુરાઈ જાય છે અને મગરજનો રસ્તા પર ફરતા થઈ જાય છે. માથે તગારું મૂકી નવજાત શિશુને લઈ ગળા સમાણા જળબંબાકાર રસ્તે નીકળેલા પિતાની તસ્વીર જોઈને વાસુદેવ યમુનાનું પૂર પાર કરી રહ્યા હોય એવું જ લાગે. વડોદરાવાસીઓને ચોવીસ ચોવીસ કલાક સુધી ચા વગર રહેવું પડ્યું છે અને બરોડા ડેરીનાં દૂધ વાહનો અડધે રસ્તેથી પાછાં વળ્યાં છે. દૂધ ટ્રેકટરો મારફત પહોંચાડાયું ત્યાં એક-એક કિલોમીટર લાંબી કતારો લાગી છે. એકવીસમી સદીના વડોદરાનું આ છે વાસ્તવિક ચિત્ર. સયાજીરાવ ગાયકવાડના શાસન દરમિયાન ૧૯૨૭ની રેલ આવી હતી અને એ પછી છેલ્લે ૧૯૫૬માં વડોદરું જળબંબાકાર થયું હતું. શું એ અનુભવો પછી આપણા ઈજનેરોએ અને વહીવટીદારોએ ચેતવા જેવું નહોતું ? વડોદરામાંથી વડાપ્રધાન પદના ઉમેદવાર બનેલા નરેન્દ્ર મોદી જંગી બહુમતીથી ચૂંટાયા હતા અને પછી દેશમા સૌથી મોટા રાજય ઉત્તરપ્રદેશની ધર્મનગરી વારાણસીના સાંસદપદને બરકરાર રાખવા એમણે વડોદરાની બેઠક પરથી રાજીનામું આપી દીધું હતું. ભારતીય જનતા પાર્ટીએ ફતેહસિંહરાવ ગાયકવાડના અવસાન પછી વડોદરા પર સુવાંગ કબજો જમાવેલો છે અને આજની વિધાનસભાના અધ્યક્ષ પણ વડોદરાની બેઠક પરથી ચૂંટાયેલા છે. મંત્રીમંડળમાં પણ યોગેશ પટેલ જેવા કર્મઠ આગેવાન બિરાજે છે. છતાં વડોદરું - પ્રેમાનંદનું પેલું વીરક્ષેત્ર વડોદરું અને ગુણવંત શાહનું ટહુકતું રહેતું વડોદરું, સિતાંશુ યશશ્ચંદ્રનું વિદ્વતાની રાજધાની સમું વડોદરું આટલું ઓશિયાળું કેમ ?

# રાજા કી પૂજા સિર્ફ ઉસકે દેશ મેં હોતી હૈ, ઔર વિદ્વાન કી પૂજા પૂરી દુનિયા મેં હોતી હૈ...



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

*રાજા કી પૂજા સિર્ફ ઉસકે દેશ મેં હોતી હૈ, ઔર વિદ્વાન કી પૂજા પૂરી દુનિયા મેં હોતી હૈ...*
*- બાવર્ચી (રાજેશ ખન્ના)*

૧૯૭૨માં ઋષિકેશ મુખર્જી દ્વારા દિગ્દર્શિત 'બાવર્ચી' ફિલ્મ વિશે હજી હમણાં એક કે બે સપ્તાહ પહેલા જ આપણે ચર્ચા કરી ગયા છીએ, રાજેશ ખન્ના, જયા ભાદુરી અભિનિત આ ફિલ્મ એક બંગાળી ફિલ્મની રીમેક હતી, અને બાવર્ચી ફિલ્મની કથા પણ તે બંગાળી ફિલ્મના દિગ્દર્શક તપન સિન્હા એ જ લખી છે.

આ ફિલ્મના સંવાદ ગુલઝારે લખ્યા હતા. ગુલઝારને આ ફિલ્મનાં સંવાદ માટે બેસ્ટ ડાયલોગ રાઈટરનો ફિલ્મફેર એવોર્ડ પણ આપવામાં આયો હતો. ફિલ્મમાં ઉપરોક્ત સંવાદ રાજેશ ખન્નાના મુખે બોલાવવામાં આવ્યો છે.

સુભાષિત રત્ન ભાંડાગારમાં ઉપરોક્ત સંવાદ જેવો જ એક શ્લોક મળી આવે છે, જે વિદ્યા અને વિદ્વાનનાં મહત્ત્વને અધિકૃત કરે છે.

**વિદ્વત્વં ચ નૃપત્વં ચ નૈવતુલ્ય કદાચન ।**
**સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન સર્વત્ર પૂજ્યતે ॥**

વિદ્વતા અને રાજવૈભવ આ બંનેની તુલના કદાપિ શકય નથી, રાજા તો માત્ર પોતાના દેશમાં જ પૂજાય છે, જયારે વિદ્વાન તો સમગ્ર વિશ્વમાં પૂજાય છે.

આ સુભાષિત અલગ અલગ ઘણી જગ્યાએ થોડા થોડા પાઠાન્તરો સાથે જોવા મળે છે, જેમ કે

**સ્વદેશ પૂજ્યતે મૂર્ખઃ સ્વગ્રામે પૂજ્યતે પ્રભુઃ ।**
**સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન સર્વત્ર પૂજ્યતે ॥**

જ્ઞાનને કોઈ દેશના પ્રદેશના સીમાડા નથી નડતા, અને જ્ઞાની વ્યક્તિની પૂજા તેમની કદર માત્ર તેમના જ્ઞાનના કારણે થાય છે, જયારે રાજાની પૂજા તો માત્ર તેમના પ્રદેશમાં અને તે પણ શેહ શરમના કારણે થાય છે.

કેવું કહેવાય નહીં અદલ શ્લોકના અર્થ જેવો જ સંવાદ ગુલઝાર સા'બે લખ્યો છે. હજારો વર્ષો પહેલા કહેવાયેલી સંસ્કૃત ગ્રંથોની વાત હજારો વર્ષો પછી પણ આપણને યથાતથ સ્વીકારવી જ રહી.

- jayuoza@gmail.com
Mo.9898046488

# ભાગ્યેશ જહા યુનેસ્કો સમિતિમાં



**વૃત્તસંચય**


- જાણીતા કવિ - લેખક અને સાહિત્યસભાના આજીવન સભ્ય ભાગ્યેશ જહાની, ભારત સરકારની સાંસ્કૃતિક બાબતોની યુનેસ્કો સમિતિમાં, કે જેના અધ્યક્ષ તરીકે પદ્મભૂષણ સત્યવ્રત શાસ્ત્રી છે, તેમાં જાણીતા સાંસ્કૃતિક પ્રશાસક અને સાહિત્યકાર તરીકે બીજાક્રમે નિમણૂંક કરવામાં આવી છે. સાંસ્કૃતિક મંત્રાલયે યુનેસ્કો પ્રોજેક્ટ અને યોજનાઓની મંજૂરી માટે દેશના કલા અને સાહિત્યના પ્રતિષ્ઠિત તજજ્ઞોની રચેલ સમિતિમાં થયેલ નિમણૂંક એ ગાંધીનગર જ અનહીં પરંતુ ગુજરાત માટે ગૌરવની બાબત છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદ સહ શુભકામનાઓ.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'
muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# ગંગાસતી : આપણી સંતવાણીના ઉદ્‌ગાતા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

**મનને સ્થિર કરી આવો રે મેદાનમાં**
**મિટાવું સરવે કલેશ રે**
**હરિનો દેશ તમને એવો દેખાડું ને**
**જ્યાં નહિ વર્ણને વેશ રે.**

ગંગાસતીના આવા તો અનેક ભાતીગળ ભજનો આપણી ઉજળી સંતવાણીના આભૂષણ સમાન છે. ગંગાસતીની સાથેજ તેમના પતી કહળસંગ તથા સખી પાનબાઈની ત્રિપુટીએ સંસારમાં રહીને અધ્યાત્મની કેડીએ ભાવ તેમજ શ્રધ્ધાપૂર્વક ડગ ભર્યા છે. આમ તો પાનબાઈનું અધ્યાત્મ શિક્ષણ એજ ગંગાસતીના ભજનો છે તેમ કહી શકાય. કહળસંગે જ્યારે સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો ત્યારે ગંગાસતીએ પણ તેમની સાથેજ પ્રાણત્યાગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી, પરંતુ કહળસંગે ગંગાસતીને તેમ કરતા રોક્યા. રોકવાનું પ્રયોજન એ હતું કે ગંગાસતી અધ્યાત્મમાર્ગના યાત્રી એવા પાનબાઈને પૂર્ણતાને આરે પહોંચાડીને પોતાનું જીવનકાર્ય પૂરું કરી શકે. ગંગાસતીએ આ વાતનું વાતનું અક્ષરસઃ પાલન કર્યું. આ ઘટના થકીજ ગ્રામ ઉપનિષદ કહી શકાય તેવા બાવન ભજનોની આપણને પ્રાપ્તિ થઇ શકી. ગંગાસતી તેમજ કહળસંગના જીવન કવન અંગે આપણને અધિકૃત કહી શકાય તેવી માહિતી મળી શકે છે. કારણ કે મજબૂતસિંહજી જાડેજાએ એક પોલીસ અધિકારીની સહજ સંશોધક વૃત્તિથી ગંગાસતી – કહળસંગ તેમજ પાનબાઈના જીવનને લગતી બાબતો આપણા સુધી વિસ્તૃત સંશોધન કરીને પહોંચાડી છે.

આપણાં પ્રાચીન ગ્રંથો વેદો તથા ઉપનિષદોની જ્ઞાનગંગામાં રુષિકાઓની વાણીને સમાજનો આદર ખોબે અને ધોબે મળ્યો હતો તેજ પ્રકારે મધ્યકાલિન સાહિત્યમાં પણ વિદુષિઓએ ભક્તિમાર્ગમાં મહત્વનું તેમજ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ બન્ને સ્થિતિમાં વિદુષીઓની વાણીમાં રહેલું સત્વ તથા તેની તેજસ્વીતા હતી. જાતિના કારણે તેમનો દરજ્જો ક્યારે પણ નીચો કે ઉતરતો ગણાયો નથી. ગાર્ગી તથા લોપામુદ્રાની હરોળમાં હક્કથી બેસી શકે તેવી ભક્તિમાર્ગની પણ આપણી કવયિત્રીઓ છે. આપણી આ સંતવાણી એ એક વિરાટ તથા વ્યાપક ચમત્કાર છે તેમ મેઘાણી કહેતા હતા. લોકને સમજાય તેવી સરળ તથા સચોટ ભાષામાં શાસ્ત્રોનું જ્ઞાન સંતો - ભક્તોએ લોકસમસ્ત સુધી વહેતો કર્યો છે. ગંગાસતી, તોરલ, લોયણ કે લીરબાઈ જેવી સમર્થ કવયિત્રીઓના વાણી પ્રવાહે કાળ પર પોતાની અમીટ છાપ છોડી છે. ઉપાસના તથા આત્મજ્ઞાનની જાગૃતિના માર્ગે કોઈ જાતિ વિશેષને પ્રાધાન્ય નથી તે હકકીત પણ ખૂબ સંતોષ તથા ગૌરવ અપાવે તેવી છે. સંતવાણીના આ સમર્થ સર્જકોએ જ્ઞાન અને ભક્તિની હેલી વરસાવી છે. સમાજે તેને એટલાજ આદર સત્કારથી ઝીલી છે. ભક્તિ આંદોલનનો ઈતિહાસ આપણાં સમગ્ર ઈતિહાસમાં મહત્વનું તથા હેતુપૂર્ણ સ્થાન ધરાવે છે. અહીં મહીમા માત્ર હરિ-ભજનનોજ છે તેમજ સાર્વત્રિક સ્વીકારનો છે.

**જાતિ-પાતિ પૂછે નહિ કોઇ,**
**હરિકો ભજે સો હરિકા હોઇ.**

એક સમયે ગોહિલવાડ તરીકે ઓળખાતા ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાજપરા ગામમાં ભક્તિભાવપૂર્ણ જીવન જીવતા ભાઈજીભાઈ સરવૈયાને ત્યાં ગંગાબા (ગંગાસતી)નો જન્મ થયો હતો.

ગંગાસતી તથા પાનબાઈ સમવયસ્ક તથા ભક્તિના રંગે રંગાયેલા હતા. ગંગાબાનું લગ્ન થતાં પાનબાઈ પણ તેમની સેવા માટે તે સમયની પ્રથા મુજબ ઉમરાળા તાલુકાના સમઢીયાળા ગામે ગયા હતા. સાંસારિક વ્યવહારો વચ્ચે જળકમળવત્ રહીને તેઓ આધ્યાત્મિક માર્ગના સોપાન એક પછી એક સર કરતા જતા હતા. ગંગાસતીના અગાધ જ્ઞાનનું પાન તેમની અમૃતમયી વાણીથી સતત વહેતું રહેલું છે. પાનબાઈને પૂર્ણ જ્ઞાનનું દર્શન કરાવવા સંતવાણીના માધ્યમથી દેવોને પણ દુર્લભ તેવા તેજસ્વી શિખરોનું દર્શન ગંગાસતીએ કરાવ્યું તે આપણાં સંત સાહિત્યનો અમૂલ્ય તેમજ સદાકાળ જીવંત વારસો છે. સાંપ્રત સમયમાં પણ તેમાંથી નિષ્પન્ન થતો બોધ હિતકારી છે.

**મેરૂ રે ડગે પણ જેના મન ના ડગે**
**મરને ભાંગી પડે રે ભરમાંડ રે,**
**વિપદ પડે પણ વણસે નહિ,**
**ઇ તો હરિજનના પરમાણ રે...**
**ભાઇ રે ! હરખને શોકની નાવે જેને હેડકીને,**
**શિશ તો કિયા કુરબાન રે,**
**સતગુરૂ વચનમાં શૂરા થઇ ચાલે,**
**જેણે મેલ્યા અંતરના માન રે...**
**ભાઇ રે ! નિત્ય રેવું સતસંગમાં રે,**
**જેને આઠે પોર આનંદ રે,**
**સંકલ્પ વિકલ્પ એક નહિ ઉરમાં**
**જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે...**

ઉપરના જાણીતા પદને જોતાં એમ લાગે કે ઉન્મત જીવન જીવવા માટેના ઉત્તમ આચાર-વિચારને પ્રવાહી તથા લોકભોગ્ય શૈલિમાં અભિવ્યક્ત કરવાની કળા આપણાં સંત સાહિત્યના સર્જકોને જાણે સહજ રીતે પ્રાપ્ત થઈ હતી. મેરુ પર્વતની સ્થિરતા ધારણ કરીને તથા સંશય માત્રને દૂર રાખીને જીવન જીવવાનો ઉપાય ગંગાસતીએ સૌને માટે તેમની તેજોમય વાણીથી સુલભ કર્યો છે. વિપત્તી તો આવે અને જાય, હરખ અને શોકની લાગણી તો ધૂપ-છાવ સમાન અસ્થાયી છે તેથી પરમતત્વમાં શ્રધ્ધા ધરાવનાર તેવી સ્થિતિમાં વ્યાકુળ શી રીતે થાય ? સતગુરૂના વચનનો આધાર લઈને તથા અહમનો ત્યાગ કરીને નિર્મળતાના માર્ગે ચાલવાનું ગંગાસતીનું આહવાન છે. પાનબાઈના માધ્યમથી આવા અનેક ઉત્તમ વિચારોનું ભાથું ગંગાસતીએ જગતને બંધાવ્યું છે.

સર પ્રભાશંકર પટ્ટણી જીવનની સંધ્યાકાળે તા.૧૬/૦૧/૩૮ ના દિવસે ભાવનગર રાજ્યના ઝાંઝમેર ગામમાં જાય છે. આ ઘટનામાં સર પ્રભાશંકર પટ્ટણીની વિવેકદ્રષ્ટિનુંદર્શન થાય છે. ગામની પ્રાથમિક શાળાની મુલાકાત કરે છે. શાળામાં આવેલા આ વિશિષ્ટ અતિથિને સંભળાવવા માટે પ્રાથમિક શાળાના બાળકોએ સમૂહમાં ભજન ઉપાડ્યું અને પટ્ટણી સાહેબને સંભળાવ્યું : " મેરુ રે ડગે પણ જેના મન ના ડગે..." પટ્ટણી સાહેબ ભજનના ભાવ તથા શાળાના બાળકોની પ્રસ્તુતિથી ભાવ વિભોર અને પ્રસન્ન થયા. શિક્ષકની પણ પ્રસંશા કરીને તેમણે કહ્યું કે ભલે અભ્યાસનું એકાદ પ્રકરણ વિદ્યાર્થીઓને ભણાવવાનું રહી જાય પરંતુ આવા સારા તથા અર્થસભર પદ શીખવવાથી ભવિષ્યમાં સંસ્કારી તથા સ્વસ્થ સમાજનું નિર્માણ થશે. પટ્ટણી સાહેબનું આ મંતવ્ય આજે પણ એટલુંજ પ્રસ્તુત લાગે છે. ગંગાસતીની વાણી કાળના પ્રવાહમાં ઝાંખી થાય તેવી નથી.

# આઝાદીની લડતના રંગે રંગાયેલા કરાડી ગામમાં કોઈ શિખામણની જરૂર ન હોવાથી ગાંધીજી એ ભાષણ ના કર્યું



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચના ૨૪મા દિવસે નવસારીથી નીકળીને સૈનિકો જલાલપોર તાલુકાના વિજલપુર ગામે રવાના થયા હતા. ગાયકવાડ નવસારી પ્રાંતના આ તાલુકાનું જાહેરજીવન ખૂબ જ વિકસિત હતું. ગાંધીજી અને તેમના સાથીઓ બપોરે સાડા ત્રણ વાગ્યે વિજલપોરમાં મયાભાઈ તેલીની મિલમાં પહોંચ્યા હતા. બપોરનો વિસામો આ મિલ ખાતે રાખવામાં આવ્યો હતો.

જલાલપોર તાલુકા સમિતિના પ્રમુખ ડોક્ટર ખંડુભાઈ દેસાઈએ જાહેર કર્યું હતું કે તાલુકાના ૪૧ પટેલોએ પૂરી સમજદારી સાથે રાજીનામા આપ્યા છે અને લડત માટે ૩૨૫ સૈનિકોએ નામ નોંધાવ્યા છે. આ જાહેરાતને અનુલક્ષીને મહાત્મા ગાંધીએ ૪૧ પટેલોના રાજીનામાને વધાવી લેતા ધન્યવાદ આપ્યા હતા. સાથોસાથ તેમણે કહ્યું કે આ રાજીનામા સાથે તેને બીજા સાત રાજીનામાનું પણ સ્મરણ થાય છે. આ સાત રાજીનામા એટલે ભારતખંડના ભૂષણ પંડિત મદનમોહન માલવિયા અને તેમની સાથે બીજા છ જણે વડી ધારાસભામાંથી એ દિવસોમા રાજીનામા આપ્યા હતા. ગાંધીજીએ કહ્યું કે માલવિયાજી તો પૂજનીય છે

**દાંડીના જે બંગલામાં ગાંધીનો ઉતારો હતો એ બંગલો રાષ્ટ્રને અર્પણ થયો**

પરંતુ અહીંના પટેલોના રાજીનામા જો સાચા હોય તો માલવિયાજીના રાજીનામાં કરતા આ પટેલોના રાજીનામાની કિંમત મારે મન વધારે છે. આની પાછળનો તર્ક સમજાવતા તેઓ કહે છે, 'ક્યા પંડિત માલવિયાજી અને ક્યાં આ ગુજરાતના પટેલો', જે પટેલોનો ગુજરાતમાં કે ગુજરાત બહાર કોઈ નામ-ઠામ ન જાણે એવા અહીંના પટેલ. એટલે એમના રાજીનામાની કિંમત ચઢે જ.

આટલી વાત પછી તેમણે દાંડીને યાદ કરતા કહ્યું કે દાંડી તો મારું હરદ્વાર છે. ત્યાં કોઈ નકામા ન આવશો. છતાં જે આવે તે પોતાના ખોરાક અને પાણીનો બંદોબસ્ત કરીને આવે. જેને દેશસેવા માટે ઝંપલાવવાની ઈચ્છા હોય તે જ આવે. આ તો ધર્મયાત્રા છે, ધર્મયુદ્ધ છે. ઉજાણી માટે કોઈ દાંડી નહિ આવે. બીજી શરત એ કે ત્યાં વિદેશી વસ્ત્રો પહેરીને કોઈ નહીં આવે. દાંડીને યાત્રાનું ધામ, પૂર્ણ સ્વરાજનો કિલ્લો બનાવવો હોય તો એમ જ થાય. આટલી વાત ખૂબ જ ઓછા શબ્દોમાં ગાંધીજી સમજાવે છે અને બહુ જ ઓછા શબ્દોમાં પોતાનું વક્તવ્ય પૂરું કરતા પહેલા સ્વતંત્રતા પ્રાપ્તિ માટે બહુ થોડા શબ્દોમાં ઘણું બધું કહી જાય છે.

સાંજના સમયે વિજલપોરથી સંઘ કરાડી ગામ જવા માટે ઉપાડ્યો હતો. આખા રસ્તે લોકો ટોળાબંધ ઉમટી પડ્યા હતા. તેમાં બહેનોની સંખ્યા ધ્યાન ખેંચે એવી હતી. કરાડી ગામ એટલે જ્યાં અસહકાર આંદોલનના આરંભથી જ રાષ્ટ્રીય શાળા શરૂ થઈ હતી તેવું ગામ, આઝાદીની લડતના રંગે રંગાયેલું ગામ. દાંડી પહોંચવા માટે હવે માત્રને માત્ર એક રાત બાકી હતી એટલે બાપુ, તેમના સાથી સૈનિકો અને હજારો લોકોનો આનંદ સમાતો ન હતો. પાંચથી સાત હજાર માણસોની હાજરી આ ગામમાં હતી. રાષ્ટ્રીય શાળાના આચાર્ય મણીભાઈ પટેલની આગેવાનીમાં નવયુવાનોના જયજયકાર સાથે દાંડીયાત્રિકોને ભારત વિદ્યાલયમાં લાવવામાં આવ્યા હતા. છેલ્લા સાતેક મહિનાથી દારૂ નિષેધનું કામ સંભાળી રહેલા પારસી દરબારી સાધુએ દેવ જેવા ગાંધીજી સમક્ષ દારૂ-તાડીના ત્યાગની પ્રતિજ્ઞા લેવાની લોકોને વિનંતી કરી. આ વિનંતીને માન આપીને અનેક લોકોએ દારૂ તાડીના ત્યાગની પ્રતિજ્ઞા લીધી હતી. અગાઉ જણાવ્યું તેમ કરાડી તો વર્ષોથી રાષ્ટ્રીય રંગે રંગાયેલું ગામ હતું. મીઠાના સત્યાગ્રહ માટે દાંડીની પસંદગીમાં આ વિસ્તારના પોંચા પટેલની અડગતા અને રાષ્ટ્રીય શાળાના રંગે ઠીક-ઠીક ભાગ ભજવ્યો હતો અને આ ગામ અને આસપાસના વિસ્તારના ગામોના લોકો સ્વાતંત્ર્યની લડાઈ માટે તૈયાર હોવાથી ગાંધીજીને ત્યાં ભાષણ કરવાની જરૂર જણાઈ નહીં અને તેમણે લોકોનો આભાર માનીને પોતાનું મસ્તક પ્રભુના ચરણે ઝૂકાવ્યું હતું. ગાંધીજીએ અહીંયા કોઈ પણ પ્રકારનું ભાષણ નહીં કરીને પણ લોકહૈયામાં જે શ્રદ્ધા હતી એ શ્રદ્ધાનું પાન પણ કર્યું હતું સાથે સાથે દરેક સ્થળે ભાષણ કરવું જરૂરી જ હોય એમ માનવું જરૂરી નથી એવી પણ શિખ આપી હતી.

બીજા દિવસે ૫મી એપ્રિલે સવારે બ્રાહ્મમુહૂર્તમાં પ્રાર્થના કરીને ગાંધીજી અને તેમના દાંડી સૈનિકો તથા હજારો ભાવિકોએ દાંડી તરફ પ્રયાણ કર્યું હતું. મહાત્મા ગાંધી સહિતદરેકના પગમાં અસાધારણ દેખાતું હતું તેઓ ચાલતા ન હતા જાણે ઉડતા હતા એવું દ્રશ્ય ઉભું થયું હતુ. કરાડી, મટવાડ અને સામાપોર ગામના લોકોએ તેમને ઉત્સાહપૂર્વક વધાવ્યા હતા અને એ સાથે જ આ ત્રણેય ગામના લોકો પણ સંઘમાં ભળી ગયા હતા. અમદાવાદની સાબરમતીના તીરેથી નીકળેલી દાંદીકૂચ ૨૪ દિવસની અને ૨૪૧ માઈલની દડમજલ કાપીને સવારે ૮ વાગે દાંડીમાં પ્રવેશી હતી. દાંડી ખાતે જેમના મકાનમાં ગાંધીજીનો ઉતારો હતો તે મુસ્લિમ યજમાન સિરાજુદ્દીન વાસી શેઠ ખાદીનાં કપડાં પહેરીને કાદવ ખૂંદતા ખૂંદતા ગાંધીજીનો સત્કાર કરવા માટે આવ્યા હતા. તો ગામના આગેવાન શ્રી ડાહ્યાભાઈ દેસાઈની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ગામલોકો પણ બાપુનું સ્વાગત કરવા આવી પહોંચ્યા હતા. વાસી શેઠને જોતા જ ગાંધીજીએ હસીને કહ્યું 'તમે બંગલો આપ્યો અને વળી સામે લેવા આવ્યા છો પણ કોઈ વખત બંગલો ખોઈ બેસવાના છો'. તેના જવાબમાં સિરાજુદ્દીન શેઠે કહ્યું 'એ ખોવાની મારી તૈયારી છે'. આઝાદીની લડતમાં મહાત્મા ગાંધીનારંગે રંગાયેલા આવા તો અનેક લોકો વાડી-વજીફા અને બંગલા ખોવાની તૈયારી સાથે જોડાયા હતા. અંગ્રેજ સરકારે તો આ બંગલો દાંડી સત્યાગ્રહમાં ઉપયોગમાં લેવાયો હોવા છતાં જપ્ત કર્યો ન હતો.પણ વર્ષો પછી આ બંગલો વાસી કુટુંબે રાષ્ટ્રને અર્પણ કર્યો હતો. અને દાંડી ખાતે રાષ્ટ્રીય સ્મારક બનાવવામાં આવ્યું હતું. સિરાજુદ્દિન વાસીને હસતા હસતા ગાંધીએ કહેલી વાત આ રીતે બરાબર ૩૧ વર્ષ પછી સાચી પડી હતી. ૧૯૬૧માં મીઠાના સત્યાગ્રહની ૩૧મી તિથિએ તત્કાલીન વડાપ્રધાન જવાલાલ નેહરૂના હસ્તે વાસી કુટુંબની ઈચ્છાને માન આપીને ગાંધીજી દાંડીમાં જે બંગલામાં રોકાયા હતા તે બંગલો રાષ્ટ્રને અર્પણ થયો હતો.